ગાંધીનગર સમાચાર

એમ.એ.ની પરીક્ષામાં ડમી વિદ્યાર્થી ઝડપાયો

## @ગાંધીનગર

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા ગ્રીષ્મોત્સવ ઉજવણી અન્વયે સાંજે ૬.૩૦ કલાકે સ્નેહા દેસાઈ લિખિત 'કોડ મંત્ર' નાટક ચ-૦ ઈન્ફોસીટી કલબ એન્ડ રીસોર્ટ ખાતે યોજાશે.

● શ્રી રંગ અવધૂત પરિવાર દ્વારા વંદે માતરમ પરિવારના સહયોગથી સેકટર-૨૮ દત્ત મંદિર ખાતે સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

● રેશનલ સમાજ દ્વારા સાંજે ૫.૩૦ કલાકે બ્લોક નં. ૬૧/૧, ઘ ટાઈપ, સે-૨૩ ખાતે સમાજની માસિક બેઠક યોજાશે.

●જીઈ કલબ દ્વારા ગાંધીનગર જિલ્લાના પોલીસ જવાનો અને તેમના પરિવારજનો માટે મનોરંજક સ્ટેજ કાર્યક્રમ 'સલામ-૨૦૧૬' સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન સે-૧૭, ટાઉનહોલ ખાતે યોજાશે.

# સિવિલમાં નર્સિંગ સ્ટાફની પગારના મામલે હડતાલ

## પગાર વધારા અંગે હૈયાધારણા આપતા હડતાલ બે કલાકમાં સમેટાઈ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં હડતાલની સિઝન પૂરબહારમાં ખીલી હોય તેવું લાગી રહ્યું છે. હોસ્પિટલમાં ફરજ બજાવતા વર્ગ - ૩ અને ૪ ના કર્મચારીઓ પગાર વધારાને લઈ હડતાલ પાડી રહ્યા છે. આજે હોસ્પિટલમાં ફરજ બજાવતા નર્સિંગ સ્ટાફના અંદાજે ૧૩૮ કર્મચારીઓએ વિજળીક હડતાલ પાડી હતી. સવારે નોકરી પર હાજર થઈને કામગીરીથી અળગા રહેતા સિવિલ તંત્રમાં હડકંપ મચી ગયો હતો. ખાનગી એજન્સીના માણસો અને સિવિલના આરએમઓ કર્મચારીઓને સમજાવવા આવી પહોંચ્યા હતા અને પગાર વધારા અંગે મંગળવારના રોજ બેઠક યોજાશે અને પગાર વધારો થશે સહિત તેમના અન્ય ૩ જેટલા મુદ્દાઓનું પણ સમાધાન થશે તેવી



હૈયા ધારણા આપતા કર્મચારીઓએ માત્ર બે કલાકમાં હડતાલ પાછી ખેંચી કામમાં પરોવાઈ ગયા હતા. તાત્લાકીક અને આઈસીયુમાં વિભાગમાં દર્દીઓને તકલીફ ના પડે તે માટે સ્ટાફે કર્માચારીઓને હડતાલથી અળગા રાખ્યા હતા. ત્યારે સિવિલમાં ઓછા વેતનમાં ફરજ બજાવતા કર્મચારીઓએ રીતસરનો મોરચો ખાનગી એજન્સી અને સિવિલ તંત્ર સામે માંડ્યો હોય તેવું લાગી રહ્યું છે.મંગળવારના રોજ યોગ્ય નિકાલ નહી આવે તો કર્મચારીઓ ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેમ કર્મચારીઓએ જણાવ્યું હતું.

અત્યારના હાલના સમયે કારમી મોંઘવારીએ માઝા મુકી છે. દરેક ચીજવસ્તુના ભાવમાં તોંતિગ વધારો જોવા મળી રહ્યો છે. સામાન્ય નાગરીક મોંઘવારીનો સામનો કરી રહ્યા છે. સિવિલ હોસ્પિટલમાં ખાનગી એજન્સી હેઠળ પેરા મેડીકલ સ્ટાફના અંદાજે ૧૩૮ કર્મચારીઓને જે વેતન મળવુ જોઈએ તે મળતુ ના હોવાથી આજે ૬૦ કર્મચારીઓએ પગાર વધારાની માંગ સાથે હડતાલ પાડી હતી. કર્મચારીઓને જે વેતન મળે છે તેના બદલે શ્રમ રોજગારના ધારાધોરણ મુજબનું વેતન મળવુ જોઈએ.અને કર્મચારીઓને ફરજ લગતી તમામ કાર્યવાહી મેટ્રન ઓફીસમાંથી થવી જોઈએ. તેમજ વર્ગ -૩ ના કર્મચારીઓ જેવો વ્યવ્હાર કરવામાં આવે તે સહિતની માંગણીઓ છે. કર્મચારીઓએ સવારે હડતાલ પાડતા આરએમઓ, મેટ્રન અને ખાનગી એજન્સીના સુપરવાઈઝરો નીચે દોડી આવ્યા હતા અને બેઠક યોજી હતી જેમાં કર્મચારીઓને મંગળવાર સુધીમાં યોગ્ય નિરાકરણ આવશે તેવી હૈયાધરાણા આપતા કર્મચારીઓએ હડતાલ સમેટી લીધી હતી. તાત્કાલીક અને આઈસીયુ વિભાગમાં દર્દીઓને હાલાકીના ભોગવવી પડે તે માટે ત્યાં ફરજ બજાવતા કર્મચારીઓને હડતાલથી અળગા રાખ્યા હતા. અત્યારે હાલ તો એક પછી એક કર્મચારીઓ પગાર વધારાની માંગ સાથે હડતાલનું શસ્ત્ર ઉગામતા સિવિલના સતાધિશો અને એજન્સીના માણસોનું પેટનું પાણી હલી ગયું છે. મંગળવારના રોજ યોગ્ય નિરાકરણ નહી આવે તો કર્મચારીઓ ઉગ્ર આંદોલન કરશે.

## વાતવાતમાં

● & ચેનલ પરથી પસાર થતો ટીવી શૉ 'સો યુ થીંક યુ કેન ડાન્સ-અબ ઈન્ડિયા કી બારી' માં ગાંધીનગરની પૂર્વી પુરોહિત ટોપ ૨૦માં પસંદગી પામી છે. અત્રે ઉલ્લેખનીય છે કે તેની મોટી બહેન ભાવના પુરોહિત પણ 'ડીઆઈડી'માં જઈને જીતી ચુકી છે અને હાલ તે સ્ટાર પ્લસની સિરિયલ 'દહેલીઝ'માં પણ રોલ કરી રહી છે. આ બંને બહેનોએ ગાંધીનગરની હિલવુડ સ્કુલમાં અભ્યાસ કરેલ છે.

● ઉનાળાની ગરમીને પગલે સાંજ ઢળતાં જ શહેરના સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન ખાતે માનવ મહેરામણ જામે છે. બાળકોથી લઈ વૃધ્ધો સૌ કોઈ આનંદમાં વિવિધ રમતો રમતા જોવા મળે છે.

## ગુજરાત સેનવા-રાવત વિકાસ સંઘ દ્વારા પંદરમો સમુહ લગ્નોત્સવ યોજાશે

ગુજરાત સેનવા-રાવત વિકાસ સંઘ સમુહ લગ્નોત્સવ સમિતિ દ્વારા આગામી તા. ૧૬મી મેને સોમવારના રોજ પંદરમા સમુહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. સે-૬ના મેદાન ખાતે આયોજિત પંદરમા સમુહ લગ્નોત્સવમાં સવારે ૭.૩૦ કલાકે ગણેશ સ્થાપન/ગ્રહ શાંતિ, જાન આગમન સવારે ૮.૩૦ કલાકે, લગ્નવિધિ સવારે ૯.૩૦થી ૧૧.૩૦ કલાક દરમિયાન કરવામાં આવશે. ભોજન સમારંભ સવારે ૧૧.૦૦થી ૧.૦૦ કલાક દરમિયાન તેમજ સામાજીક વ્યવહાર બપોરના ૧૨.૦૦ થી ૧.૦૦ કલાક દરમિયાન કરાશે.

પંદરમો સમુહ લગ્નોત્સવ પ્રસંગે ૩૮ નવદંપતિઓ પ્રભુતામાં પગલા ભરશે. ત્યારબાદ બપોરે ૨.૦૦ કલાકથી ૪.૦૦ કલાક દરમિયાન નવ દંપતિઓને મુખ્યમંત્રી આનંદીબેન પટેલ આશીવર્ચન પાઠવશે. સાંજે ૪.૩૦ કલાકે વિદાય સમારોહનું આયોજન કરાયું છે. આ પ્રસંગે ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પુરુષોત્તમ રૂપાલાજી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી રમણલાલ વોરા, પૂ. મહંત પ્રકાશ બાબુ, પૂ. રમણ જયમાડી, પૂ. પ્રવિણભાઈ વાણિયા તથા મોટી સંખ્યામાં અગ્રણીઓ હાજર રહેશે.

# એમ.એ.ની પરીક્ષામાં ડમી વિદ્યાર્થી ઝડપાયો

## યુનિવર્સિટીની એમ.એ. પાર્ટ-૧ સેમેસ્ટર-૨ની પરીક્ષા ચાલી રહી છે : સે-૧૫ની કલેજમાં સુપરવાઈઝરે વિદ્યાર્થી પાસે આઈ-કાર્ડ માંગતા ભાંડો ફુટયો : પોલીસ ફરિયાદ

### સુનિલ બહાર ફરવા ગયો હતો એટલે મિત્ર પેપર આપવા બેસી ગયો...!

એમ.એ. પાર્ટ-૧ની સેમ-૨ની પરીક્ષામાં આજે અંગ્રેજીના પેપરમાં સે-૧૫ની સરકારી કોલેજમાંથી ડમી વિદ્યાર્થી પેપર આપતા પકડાઈ ગયો હતો. સુનિલના બદલે મહેન્દ્ર પપેર આપવા બેસી ગયો હતો. મહેન્દ્રની પુછપરછ કરતા જાણવા મળ્યું હતું કે સુનિલ તેનો ખાસ મિત્ર છે અને આજે અંગ્રેજીનું પેપર હતું ને આજે જ તેને કયાંક બહાર જવાનું થયું હતું એટલે મહેન્દ્ર મિત્રતામાં જ પેપર આપવા પહોંચી ગયો હતો.

ગાંધીનગર, તા.૧૩

ગુજરાત યુનિવર્સિટી દ્વારા એમ.એ. પાર્ટ-૧ની સેમેસ્ટર-૨ની પરીક્ષા લેવાઈ રહી છે. આજે સેકટર-૧૫ની સરકારી કોલેજમાં ચાલી રહેલી આ પરીક્ષામાં સુપરવાઈઝરને શંકા જતા એક વિદ્યાર્થી પાસે આઈ કાર્ડ માંગ્યુ ત્યારે ડમી ઉમેદવાર બેઠો હોવાનો ભાંડો ફુટયો હતો. આ ડમી વિદ્યાર્થી બેસનાર તથા તે વિદ્યાર્થી જેના બદલામાં બેઠો તે બંને વિદ્યાર્થીઓ સામે સેકટર-૭ પોલીસ મથકમાં ગુનો નોંધાવા પામ્યો છે. પીએસઆઈ ચૌધરીએ ગુનાની ઉંડી તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવાઈ રહેલી એમ.એ. પાર્ટ-૧, સેમેસ્ટર-૨ ની પરીક્ષામાં ગાંધીનગર સે-૧૫ સ્થિત સરકારી કોલેજમાં ડમી વિદ્યાર્થી બેઠેલો ઝડપાયો હતો. આજે એમ.એ.નું પેપર આપવા બેઠેલા ઝાલોદાના હઠીલા મહેન્દ્રભાઈ જેતાભાઈ નામના વિદ્યાર્થી પર સુપરવાઈઝરને શંકા જતા તેનું આઈકાર્ડ અને રીસીપ્ટ માંગી હતી. આઈકાર્ડ-રીસીપ્ટ માંગતા ભાંડો ફુટયો હતો કે હઠીલા મહેન્દ્ર દાહોદાના ફતેપુરા વિસ્તારનો રહેવાસી વિદ્યાર્થી કટારા સુનિલ લક્ષ્મણભાઈની જગ્યાએ બેઠેલો છે અને ડમી વિદ્યાર્થી તરીકે કટારા સુનિલની જગ્યાએ પરીક્ષામાં હઠીલા મહેન્દ્ર બેઠો હોવાનું બહાર આવતા સુપરવાઈઝરે ફરિયાદ કરી છે. અમીતભાઈ પરમારની ફરિયાદને આધારે સે-૭ પોલીસે કટારા સુનિલ અને હઠીલા મહેન્દ્ર બંને સામે આઈપીસી કલમ ૪૧૭, ૪૧૯, ૧૧૪ મુજબ ગુનો નોંધી પીએસઆઈ એસ.ડી. ચૌધરીએ ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

## નગર નિયોજનના કર્મચારીનું ફરજ દરમિયાન મોત

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર સ્થિત નગર નિયોજન કચેરીમાં કાર્યરત કોન્ટ્રાકટ પરના કર્મચારીનું આજે સવારના સુમારે એકાએક ઢળી પડતા શારીરિક તકલીફને લીધે કરુણ મોત નિપજયું હતું.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગરમાં આવેલી નગર નિયોજન કચેરીમાં કોન્ટ્રાકટ બેઝ પર ફરજ બજાવતા કર્મચારી આજે સવારે કામકાજ દરમિયાન ઢળી પડતા તેઓને તુરંત સારવાર અર્થે ગાંધીનગર સિવિલ ખાતે લઈ જવાયા હતા જયાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ મૃતક કર્મચારી છેલ્લા છ માસથી શ્વાસની બિમારીથી પીડાતા હતા. આ કર્મચારી ગણતરીના દિવસો અગાઉ જ આ કચેરીમાં જોડાયા હતા ત્યારે આજે તેમનું બિમારીના કારણે મોત નિપજયું હતું.

# વાલ્મિકી સમાજને થતો અન્યાય અટકાવવા મુખ્યમંત્રીને રજુઆત કરાઈ

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાતમાં વસતા વાલ્મિકી સમાજને થતો અન્યાય અટકાવવા માટે મુખ્યમંત્રીને લેખીતમાં રજુઆત કરવામાં આવી છે. જેમાં વાલ્મિકી સમાજની ભરતી છેલ્લા ઘણા સમયથી બંધ છે તે ફરીથી ચાલુ કરવી, સમાજના યુવક-યુવતિઓનું ભણતર ઓછુ છે જેથી ધોરણ-૧૦ પાસનો ઠરાવ રદ કરવો સહિતની માંગણીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર શહેરના સેકટર-૧૯ ખાતે રહેતા ચંદ્રકાંત પુરબીયાએ વાલ્મીકી સમાજને થતા અન્યાય અટકાવવા માટે મુખ્યમંત્રીને લેખીત રજુઆત પત્ર દ્વારા તાજેતરમાં કરી છે જેમાં વિવિધ મુદાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. અંશકાલીન પાર્ટટાઈમ સ્વીપરને સરખો ન્યાય મળે,જે તે સરકારી કચેરી ખાતે ભલામણ કરવા જે આવા લાખ્ખો અંશકાલીન સ્વીપર સરકારી કચેરીઓ તથા બોર્ડ નિગમોમાં નોકરી કરે છે જે સરકારના પરિપત્ર મુજબ ૧૦ વર્ષની સળંગ નોકરી કરેલ હોય તેવા અંશકાલીન સ્વીપરને કાયમી કરવા તથા ફુલટાઈમ ઓર્ડર કરવાના આપણા પરિપત્રનો અનાદર કરે તેવી કચેરીની ચકાસણી કરે, વાલ્મીકી સમાજની અરજીઓનો જલ્દી નિકાલ થતો નથી તે કામગીરી ઝડપી બનાવવામાં આવે. વાલ્મીકી સમાજની ભરતી પ્રક્રિયા બંધ કરેલ છે તે ફરીથી ચાલુ કરવા માટે ગાંધીનગરમાં આવેલ ગટરની સફાઈ માટે કોન્ટ્રાક્ટ પદ્ધતિથી માણસો રાખવામાં આવે છે તે લોકો કોન્ટ્રાકટ દ્વારા કોઈ ફાયદો થતો નથી. તે માટે કોન્ટ્રાકટ પદ્ધતિ બંધ કરીને જે કર્મચારી ૧૦ વર્ષથી ફરજ બજાવે છે તેને કાયમી કરવા અથવા મસ્ટર રોલ મુજબ રાખવા. તેમજ વાલ્મીકી સમાજના છોકરા છોકરીઓનું ભણતર ઓછુ હોય છે જેને પગલે સરકારના ધોરણ - ૧૦ પાસનો કરાર રદ કરવો. વાલ્મીકી સમાજનો કોઈ નેતા કે પ્રમુખ નથી વાલ્મીકી સમાજની ભરતી પ્રક્રિયા બંધ છે તે ફરીથી ચાલુ કરવા સહિતના વિવિધ મુદાઓ અંગે લેખિતમાં રજુઆત કરવામાં આવી છે. સરકાર વાલ્મીકી સમાજની પડતર માંગણીઓ અંગે સત્વરે યોગ્ય નિર્ણય લાવવામાં આવે તેવી લાગણી અને માંગણી છે.

## અમદાવાદમાં ઘી અને પનીરના નમુનાઓ લેવામાં આવ્યા

અમદાવાદ,તા.૧૩

શહેરના વિવિધ વિસ્તારોમાંથી આજે હેલ્થ વિભાગ દ્વારા ઘી-પનીરના નમુના લેવામાં આવતા આ ચીજોનું વેચાણ કરતા વેપારીઓમાં ફફડાટ મચી જવા પામ્યો છે.આ અંગે મળતી માહિતી મુજબ,મ્યુનિસિપલ કમિશનરની સુચના મુજબ આજે શહેરના વસ્ત્રાલ રોડ, અમરાઈવાડી, વેજલપુર, વાસણા, કાલુપુર સર્કલ, જુના માધુપુરા, ખોખરા અને બાપુનગર વિસ્તારોમાંથી ઘી અને દૂધની બનાવટોનું વેચાણ કરી રહેલા વેપારીઓને ત્યાં તપાસ કરી બનાવટોના સેમ્પલ લેવામાં આવતા વેપારીઓમાં ફફડાટ મચી જવા પામ્યો છે.

## ઉમિયા માતાજીના મંદિરે ૧૩મા પાટોત્સવની ઉજવણી

કડવા પાટીદાર સમાજ દ્વારા આગામી તા. ૨૦મી મેને શુક્રવારના રોજ સવારે ૮.૦૦ થી સાંજે ૭.૦૦ કલાક દરમિયાન સે-૧૨ ઉમિયા માતાજી સંસ્થાન ખાતે સવારે ૮.૦૦ કલાકે નવચંડી યજ્ઞ, ૧૧.૩૦ કલાકે યજમાનો દ્વારા પૂજન, ધ્વજારોહણ બપોરે ૧૨.૩૯ કલાકે, શ્રીફળ હોમવાનો સમય સાંજે ૫.૦૦ કલાકે તેમજ સાંજે ૬.૦૦ કલાકે ભોજન-પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે તેનો લાભ લેવા ભાવિકોને સમાજના પ્રમુખ ભરતભાઈ પટેલે જણાવ્યું છે.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની શિબિરના અંતે બાળકોએ અદભૂત કલાકૃતિ રજૂ કરી

ગાંધીનગર, તા.૧૩

બાળકોમાં રહેલી આંતરિક શકિતઓની ઓળખ અને વિકાસ માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા તા. ૨ થી ૧૩ મે દરમિયાન ૧૨ દિવસીય કલા શિબિર-૨૦૧૬નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોને શાસ્ત્રીય અને સુગમ સંગીત, ચિત્રકલા, આર્ટ એન્ડ ક્રાફટ જેવા વિષયો શીખવવામાં આવ્યા હતા.વિશેષમાં તેઓના સર્વાંગીણ વ્યકિતત્વ વિકાસ માટે પક્ષી પરિચય, આકાશદર્શન, ભાષાકીય સર્જનશીલતા, ગાણિતિક કોયડા, આહાર-પોષણ, ફિલ્મદર્શન, દેશી રમતો, ભારત પરિચય જેવા વિષયો પ્રત્યે પણ અભિમુખ કરાયા હતા. કલાશિબિરનો સમાપન અને પ્રમાણપત્ર વિતરણ સમારંભ યુનિ. પરિસર ખાતે યોજાયો હતો. જેમાં અધ્યક્ષ સ્થાનેથી ચિડલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ પ્રો.ડૉ. કે.એસ. લિખિયાએ બાળકોમાં રહેલી અસીમ શકિતઓને ઓળખીને તેના વિકાસ પર ભાર મુકવા વાલીઓને અનુરોધ કર્યો હતો. વધુમાં કુલપતિએ બાળ કલાસાધકો કલાક્ષેત્રમાં ઉત્તરોત્તર પ્રગતિ સાધતા રહે તેવી શુભકામનાઓ આપી હતી. મહાનિયામક દિવ્યાંશુભાઈ દવેએ તેમના પ્રાસંગિક ઉદબોધનમાં અધ્યાત્મની અનુભૂતિ અને અભિવ્યકિત એ કલા છે આથી કલાનું શિક્ષણ બાલ્યકાળથી જ હોવું જોઈએ તે બાબત પર ભાર મૂકયો હતો. કુલસચિવ કમલામની રાવ, સલાહકાર જયોતિબહેન થાનકી અને ખાસ ફરજ પરના અધિકારી ડૉ. મેહુલભાઈ વ્યાસ અને અધ્યાપકોએ ઉપસ્થિત રહી બાળકલાકારોને બિરદાવ્યા હતા. બાળકો દ્વારા તૈયાર કરવામાં આવેલ સંગીત કલાની પ્રત્યક્ષ પ્રસ્તુતિ અને ચિત્રકલા અને આર્ટ એન્ડ ક્રાફટની કૃતિઓનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ કાર્યકમમાં બાળ કલાકારો, તેમના વાલીઓ, કલારસિકો અને અન્ય જાગૃત નાગરિકો સહભાગી બન્યા હતા. ૧૨ દિવસીય કલાશિબિરમાં યુનિ.ના કલાશિક્ષકો અને અન્ય કાર્યકર્તાઓએ ઉત્સાહપૂર્વક શિક્ષણ કાર્ય કરાવ્યું હતું. કલાશિબિરના મુખ્ય સંયોજક તરીકે ડૉ. નીલેશભાઈ પંડયાએ સેવાઓ આપી હતી.



# કાળઝાળ ગરમીમાં અબોલ જીવોની હાલત કફોડી

## તળાવ, હવાડા, ટાંકી વગેરેના ગરમ પાણી પીવાથી ઝાડાની તકલીફો, ગરમ પવનોની થપાટોથી પશુઓ આકળવિકળ



ગાંધીનગર, તા.૧૩

કાળઝાળ ગરમીથી અંશતઃ રાહત મેળવતી માનવજાત ત્રાહીમામ પોકારી ઉઠી છે ત્યારે ફકત ઝાડ કે છાપરાના છાંયડે રહેતા અબોલ જીવોની હાલત સૌથી વધારે કફોડી બની ગઈ છે. જેમાં પશુ-પંખી વધારે અસરકારક બન્યા છે. પીવાના પાણી તેમજ ગરમ પવનોની થપાટો આકરી બની છે પશુપાલકો દ્વારા ઠંડક આપવાના સઘન પ્રયાસો પણ અતિશય ગરમીમાં નિરર્થક બની રહ્યા છે અને પશુઓ ઝાડા અને અન્ય બિમારીના ભોગ બનતા નાસીપાસ થવા લાગ્યા છે.

રાજયમાં ગરમીનો પારો દિન પ્રતિદિન વધી રહ્યો છે. માનવ વસાહતો અને રોજગાર ધંધાના સ્થળે ઠંડક આપતા સાધનો વસાવી અંશતઃ ગરમીથી રાહત મેળવવાના પ્રયાસો થઈ રહ્યા છે. પરંતુ સુરજદાદાના મિજાજ સામે સૌ લાચાર બન્યા છે. જેમાં અબોલ જીવો આ આકરી ગરમીમાં આકુળવ્યાકુળ થઈ ઉઠયા છે. બોલી ન શકતા આ જીવોની પણ સહનશીલતા હદ વટાવી ગઈ છે. પશુઓને પીવાના પાણી માટે તળાવ, હવાડા, ટાંકી વગેરેના પાણીનો ઉપયોગ થાય છે પરંતુ કાળઝાળ ગરમીથી વરાળ નીકળતા પાણી પીને આ પશુઓને ઝાડાની તકલીફો વધી ગઈ છે તો ઘર આંગણે કે ખેતરમાં ઝાડ નીચે કે બનાવેલ છાપરા નીચે પણ ગરમ પવનોની થપાટો પશુઓ માટે અસહ્ય બની જતાં બુમરાણ મચાવી રહ્યા છે. બીજી તરફ પંખીઓની પણ હાલત પણ નાજુક બની ગઈ છે. ખુલ્લા આકાશમાં વિહરતા આ પંખીઓ દિવસ દરમિયાન બહાર જ નીકળી શકતા નથી જેથી ચણ અને પાણી વગર તરફડીને મોતને ભેટી રહ્યા છે.

જો કે જીવદયા પ્રેમીઓ દ્વારા ઠેર ઠેર કુંડા અને ચણની વ્યવસ્થા કરી રાહત આપવાના પ્રયાસો હાથ ધરાયા છે તો બીજી તરફ પશુપાલકો પણ પોતાના દુધાળા અને કિંમતી પશુઓની માવજત કરી ગરમીથી રાહત થાય તેવા અથાક પ્રયત્નો કરી રહ્યા છે. જેમાં કંતાનના કોથળા ભીના કરીને પશુઓ ઉપર રાખવામાં આવે છે તો પીવાના પાણીમાં બરફ નાંખીને પાણી પીવડાવાય છે છતાં તમામ સ્થળોએ આ શકય ન બનતાં આ ગરમી પશુ પંખી માટે મરણતોલ ફટકા સમાન બની છે. કુદરતે પશુ પંખીને તમામ પ્રકારની કુદરતી આફતો સામે સહન કરવાની અમર્યાદ શકિત આપી છે તે પણ હાલ મહદઅંશે અસક્ષમ બની છે.

## આઈ.આઈ.એમ.માં ઝળહળતું સ્થાન પ્રાપ્ત કર્યું

ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર એવી દેશની નામાંકિત શૈક્ષણિક સંસ્થા આઈ.આઈ.એમ.માં ગુરૂ બ્રાહ્મણ સમાજના બે વિદ્યાર્થીઓએ ઝળહળતું સ્થાન પ્રાપ્ત કર્યું છે અને શિક્ષણ ક્ષેત્રે સમાજનું ગૌરવ વધાર્યું છે.



ધ્રુવ શ્રીમાળીએ આઈઆઈએમ અમદાવાદમાં એમબીએના અભ્યાસક્રમમાં ૨૦૧૬માં પ્રવેશ મેળવ્યો છે. દુષ્યંત શ્રીમાળીએ ઉત્તરપ્રદેશ (લખનઉ)માં આઈઆઈએમમાં એમબીએનો અભ્સાયક્રમ પુરો કર્યો છે. બી-ફાર્માના અભ્યાસ સાથે કેટની પરીક્ષામાં ૯૭ ટકા ગુણ મેળવ્યા છે. આ બંને વિદ્યાર્થીઓને તેઓની મહત્વની સિદ્ધિ બદલ ગુજરાત ગુરૂ બ્રાહ્મણ સમાજનું ગૌરવ વધારવા બદલ અશોકભાઈ દવે, ભાનુપ્રસાદ દવે, પ્રમુખ ગોતમ ગેડીયા અને મહામંત્રી જે.વી. શ્રીમાળીએ અભિનંદન પાઠવ્યાં છે.

## ચિરવિદાય

- સ્વ. લાખુબેન સોમાભાઈ દેવીપુજક, ઉ.વ. ૭૫
- સ્વ. સુનિતાબેન ખોડાભાઈ દંતાણી, ઉ.વ. ૨૧
- સ્વ. વણઝારા મુળાજી નાથાજી, ઉ.વ. ૫૬
- સ્વ. કૈલાસબેન બકોરભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૪૬
- સ્વ. મધુબેન પ્રતાપસિંહ ગોરખા, ઉ.વ. ૫૧